## બિન સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનાં
# પગાર ખર્ચ, ઈત્તર ખર્ચ અને ફી ના દરોની સમીક્ષા કરવા બાબત

19

(ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯૯-૭૪૧(૩)-ગ, સચિવાલય, ગાંધીનગર, તા.૨-૭-૧૯૯૯)

**વંચાણે લીધા :-**

૧. શિક્ષણ વિભાગના તા. ૨૪-૧૦-૮૯ ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૮૭-૨૧૭૪-ગ
૨. શિક્ષણ વિભાગના તા. ૧૭-૭-૯૦ ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૮૭-૨૮૭૯-૫૧-ગ
૩. શિક્ષણ વિભાગના તા. ૧૭-૭-૯૨ ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૮૭-૨૧૭૪-ગ
૪. શિક્ષણ વિભાગના તા. ૨૨-૪-૯૮ ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯૮-૫૧૬-ગ
૫. શિક્ષણ વિભાગના તા. ૧૮-૬-૯૮ ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯૮-૧૩૨૫-ગ

**:: ઠરાવ ::**

શિક્ષણ વિભાગના સંદર્ભ-૧ માં દર્શાવેલ ઠરાવ અન્વયે રાજયની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને પગાર ખર્ચ ઉપરાંત નિભાવ ખર્ચ અને ઈત્તર ખર્ચ માટે અનુદાન સહાય આપવાનુ નકકી કરવામાં આવેલ, તે મુજબ શિક્ષકોના પગાર ભથ્થાના પ્રમાણમાં નિભાવ ખર્ચ, ઈત્તર ખર્ચની ગ્રાન્ટ શાળાઓને ચુકવવામાં આવે છે. તેમાં કેન્દ્ર સરકારના પાંચમાં પગાર પંચની ભલામણો સ્વીકારવાના કારણે બિન સરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકોના તથા બિન શૈક્ષણિક વહીવટી કર્મચારીઓના પગાર ખર્ચમાં ઘણો મોટો વધારો થયેલ છે. વધુમાં રાજય સરકારે આયોજન બહારના ખર્ચમાં ઘટાડો કરવા માટેની સુચના આપેલ હોઈ ગ્રાન્ટ નીતિની પુનઃ સમીક્ષા કરવાની જરૂરી બન્યુ હોવાથી શિક્ષણ વિભાગના તા. ૧૮-૬-૯૮ ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯૮-૧૩૨૫૮-ગ અન્વયે અનુદાનના ધોરણોની પુનઃવિચારણા કરવા અભ્યાસ જૂથની રચના કરવાનું ઠરાવેલ. આ અભ્યાસ જૂથમાં રાજ્ય કક્ષાના સંચાલક સંઘ, આચાર્ય સંઘ, ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ, માધ્યમિક શિક્ષક સંઘના હોદ્દેદારશ્રીઓ, શિક્ષણ વિદો અને અધિકારીઓનો સમાવેશ કરવામાં આવેલ. આ અભ્યાસ જૂથે એપ્રિલ-૧૯૯૯ માં આપેલ તેના ભલામણ અહેવાલને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણાના અંતે રાજય સરકારે સહાયક અનુદાનની જુની પ્રથામાં ફેરફાર કરીને વર્ગ દીઠ ઈત્તર ખર્ચ અને મકાન ભાડુ આપવા સમિતિએ ભલામણ કરેલ જે સરકારશ્રીએ સ્વીકારી વર્ગ દીઠ માસિક ગ્રાન્ટ ચુકવવાનું નકકી કરેલ છે. તે મુજબ (૧) ૧ થી ૫ વર્ગ સુધીની શાળાને વર્ગ દીઠ માસિક રૂા. ૧૮૦૦, (૨) ૬ થી ૩૦ વર્ગ સુધીની શાળાને વર્ગ દીઠ માસિક રૂા. ૧૫૦૦, અને (૩) ૩૧ થી વધારે વર્ગવાળી શાળામાં વર્ગ દીઠ માસિક રૂા. ૧૦૦૦ નું અનુદાન નીચેની શરતોને આધીન રહીને આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) આ અનુદાનના ૬૫ ટકા રકમ ઈત્તર ખર્ચ અને ૩૫ ટકા રકમ મકાન ભાડા / નિભાવમાં વાપરી શકાશે.

(૨) જો શાળા એક જ મકાનમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા અને ગ્રાન્ટ વગરની પ્રાથમિક શાળાનાં વર્ગો પાળી પધ્ધતિથી ચલાવતી હોય તો ઉપર મુજબ ૩૫ ટકા રકમ મકાન ભાડુ / નિભાવ ખર્ચ તરીકે મળવાપાત્ર થશે.

(૩) મકાનનો ઉપયોગ એક પાળીમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા માટે અને બીજી પાળીમાં કોલેજ અથવા વ્યવસાયિક અભ્યાસક્રમો ચલાવવા, ઉપયોગ કરવામાં આવતો હોય ત્યારે તેટલી રકમ ૩૫ ટકા અનુદાનમાંથી બાદ કરીને ચુકવવાની રહેશે. શાળાનો ઈત્તર ખર્ચ આ ઠરાવમાં સામેલ પરિશિષ્ટ-૨ માં દર્શાવ્યા મુજબ કરી શકશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૩-૬-૯૯ ના રોજ મળેલ સંમતિથી બહાર પાડવામાં આવેલ છે.

આ ઠરાવનો અમલ જુન-૧૯૯૯ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

બી. કે. ભટ્ટ
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

બિડાણ : પરિશિષ્ટ-૨

પ્રાપ્તિ સ્થાન : **દિપક એજન્સી**, રોયલ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૦, ભાડલાવાલા પેટ્રોલ પંપની બાજુમાં, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૨

# ગુજરાત રાજયની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને મકાન ભાડા, ઈત્તર ખર્ચના વિકલ્પે ફી લેવા માટે વિકલ્પ આપવા બાબત.

(ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯૯-૭૪૧(૪)-ગ, સચિવાલય, ગાંધીનગર, તા.૨-૭-૧૯૯૯)

**સંદર્ભ :**

૧. શિક્ષણ વિભાગના તા. ૨૫-૧૦-૮૯ ના ઠરાવ નં. : બમશ-૧૧૮૯-મ-૪૭૨-૯૬-ગ
૨. શિક્ષણ વિભાગના તા. ૩૦-૬-૯૯ ના ઠરાવ નં. : બમશ-૧૧૯૯-૭૪૧-(૧)-ગ

**-: ઠરાવ :-**

શિક્ષણ વિભાગના ઉપર સંદર્ભ-૧ માં જણાવેલ ઠરાવ અન્વયે રાજયમાં આવેલ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને હાલમાં સહાયક અનુદાન આપવામાં આવે છે તેમાં મકાન ભાડુ અને ઈત્તર ખર્ચ માટે પણ અનુદાન આપવામાં આવે છે, જેના ખર્ચનું ઓડીટ કરાવવાનું ફરજીયાત હોય છે, જે અન્વયે ઓડીટની લાંબી પ્રક્રિયા અને બીજા વહીવટી પ્રશ્નો ઉપસ્થિત થતા હોવાથી ઉપર સંદર્ભ-૨ અન્વયે નવી શરૂ થતી માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને મકાન ભાડુ અને ઈત્તર ખર્ચના વિકલ્પે પ્રવેશ ફી, સત્ર ફી વગેરે લેવાની જોગવાઇ કરવામાં આવેલ છે. તે મુજબ ચાલુ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તેમને મળતા મકાન ભાડુ અને ઈત્તર ખર્ચની ગ્રાન્ટના વિકલ્પે નીચે જણાવેલ ફી લઇ શકે તે માટે તેઓને વિકલ્પ આપવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | ધોરણ-૮ | ધોરણ-૯ | ધોરણ-૧૦ | ધોરણ-૧૧ | ધોરણ-૧૨ |
|---|---|---|---|---|---|---|
| ૧. | નિભાવ ફી (માસિક) | ૩૫ | ૪૦ | ૪૫ | ૫૦ | ૬૦ |
| ૨. | પ્રયોગશાળા ફી સત્ર દીઠ (વિજ્ઞાન પ્રવાહ) | – | – | – | ૪૦ | ૫૦ |

આ અંગેનો વિકલ્પ ચાલુ ગ્રાન્ટવાળી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓએ આ ઠરાવ બહાર પડયાની તારીખથી ત્રણ મહિનામાં જે તે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને આપવાનો રહેશે. ત્યાર બાદ નવું નાણાંકિય વર્ષ શરૂ થાય તેના બે માસ પહેલા વિકલ્પ આપવાનો રહેશે. આ માટે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આ ઠરાવના પરિશિષ્ટ-૨ માં દર્શાવ્યા પ્રમાણે ઈત્તર ખર્ચ કરી શકશે. જે ઈત્તર ખર્ચ અને મકાન ભાડુ અથવા મકાનના નિભાવ ખર્ચનું ઓડીટ કરવાનું રહેશે નહીં. આ અંગે જણાવેલ સમય મર્યાદામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને વિકલ્પ આપવામાં નહીં આવે તો શાળા તેની ચાલુ ગ્રાન્ટની નીતિ ચાલુ રાખવા માગે છે તે માની લેવામાં આવશે. આ બાબતમાં આપવામાં આવેલ વિકલ્પ એક વખતનો અને આખરી ગણાશે. તેમાં પછીથી કોઇ ફેરફાર માન્ય રાખવામાં આવશે નહીં.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૩-૬-૯૯ ની નોંધ અન્વયે મળેલ સંમતિથી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

બી. કે. ભટ્ટ
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

બિડાણ : પરિશિષ્ટ-૨

**પ્રાપ્તિ સ્થાન : દિપક એજન્સી,** રોયલ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૦, ભાડલાવાલા પેટ્રોલ પંપની બાજુમાં, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૨

## પરિશિષ્ટ - ૨

# ઈત્તર ખર્ચ માટે માન્ય ખર્ચની યાદી

| ક્રમ | ખર્ચની વિગત |
|---|---|
| ૧. | ફર્નીચર સાધન સામગ્રી અને શૈક્ષણિક સાધનો |
| ૨. | તબીબી ખર્ચ |
| ૩. | વિજ્ઞાન અને અન્ય વિષયોની કલબ |
| ૪. | સ્કાઉટીંગ અને ગાઈડીંગ |
| ૫. | કાર્યાનુભવ |
| ૬. | સહ-અધ્યયન પ્રવૃત્તિ |
| ૭. | શાળા-ગ્રંથાલય માટેના પુસ્તકો |
| ૮. | શાળાના ફર્નીચર અને સાધન સામગ્રીની મરામત |
| ૯. | શિષ્યવૃત્તિ અને ઈનામો |
| ૧૦. | ચિત્ર શિક્ષકોને બોનસ (રૂા. ૨૦૦ માસિક) |
| ૧૧. | ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડને આપવાની નોંધણી ફી |
| ૧૨. | જુનીયર રેડ ક્રોસ પ્રાથમિક સારવાર, ગૃહ પરિચર્યા તાલીમ, નાગરીક સુરક્ષા અને માર્ગ સુરક્ષા ચોકીયાત પ્રવૃત્તિ |
| ૧૩. | સહકારી સ્ટોર્સ પરનો ખર્ચ |
| ૧૪. | ટૂંકા ગાળાના અભ્યાસક્રમો, કાર્યશાળા સેમીનારમાં હાજરી આપવાનો ખર્ચ |
| ૧૫. | વેંચાણવેરો, સામાન્ય કર અને બેંક કમિશન |
| ૧૬. | નિદાનાત્મક અને ઉપાયાત્મક શિક્ષણ |
| ૧૭. | વર્તમાન અને સામાયિકોનું લવાજમ |
| ૧૮. | છપાઇ |
| ૧૯. | લેખન સામગ્રી |
| ૨૦. | ટપાલ ખર્ચ |
| ૨૧. | જાહેર ખબર |
| ૨૨. | વાહન ખર્ચ (માસિક રૂા. ૫૦૦) |
| ૨૩. | પ્રવાસ ભથ્થુ |
| ૨૪. | વીજળી ખર્ચ |
| ૨૫. | નોંધણી કરાવેલ હિસાબનીશો દ્વારા કરવામાં આવેલ હિસાબી તપાસ બીલ ફી |
| ૨૬. | શાળાની પરીક્ષાના પ્રશ્નપત્રોની છપાઇ અને જવાબપત્રો અને અપેક્ષિતો પુરા પાડવા |
| ૨૭. | રમત ગમતના મેદાનની જાળવણી |
| ૨૮. | શિક્ષકની રજાના કારણે ખાલી પડેલ જગા પરનો અવેજી શિક્ષક નિમણુંકનો વધુમાં વધુ ત્રણ માસની મર્યાદાના પગાર અને ભથ્થા |
| ૨૯. | બેન્ડ માસ્તર અને બેન્ડ પ્રવૃત્તિના પગાર અને ભથ્થાનો ખર્ચ |
| ૩૦. | મકાનની ગૌણ મરામત |
| ૩૧. | વળામણ અને જાળવણી ખર્ચ |
| ૩૨. | બાગકામ |
| ૩૩. | ધોલાઇ ખર્ચ |
| ૩૪. | પાણી ખર્ચ |
| ૩૫. | પરિષદ અન્વયેનો ખર્ચ |
| ૩૬. | આકસ્મિક ખર્ચાઓ |
| ૩૭. | ટ્રસ્ટને તબદીલ કરાયેલ અસ્કયામતના ૪ ટકાની મર્યાદામાં પેન્શન અને ગ્રેજ્યુટી |
| ૩૮. | ટેલીફોન ખર્ચ |
| ૩૯. | કરાટે શિક્ષણ, ધ્યાન શિબિર, સંસ્કૃત સંભાષણ વગેરે |
| ૪૦. | ચોકીયાતનો મહેનતાણાનો ખર્ચ |
| ૪૧. | એર-રાયફલ શુટીંગ કાર્યક્રમ |
| ૪૨. | આઝાદી અને યોગ શાસ્ત્રને લગતા જ્ઞાન પ્રવચન આપનાર મહેમાન વ્યાખ્યાતાને મહેનતાણું |
| ૪૩. | ઝેરોક્ષ |
| ૪૪. | શૈક્ષણિક ઇલેક્ટ્રોનિક આઇટમ |
| ૪૫. | પટાવાળાને યુનિફોર્મ, ધોલાઇ ખર્ચ સાથે |
| ૪૬. | શાળાના સંચાલન માટે સંચાલક મંડળે ઉપર વિગતો સિવાય કરેલ વાજબી ખર્ચાઓ. |

પ્રાપ્તિ સ્થાન : દિપક એજન્સી, રોયલ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૦, ભાડલાવાલા પેટ્રોલ પંપની બાજુમાં, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૨